
# પ્રકરણ ૯
# બદલાતાં કુટુંબો

U4S1X1

અહીં કેટલાંક કુટુંબોનાં ચિત્રો છે. આ કુટુંબો કિરણ, સુમી અને દિપાલીનાં છે. આ ચિત્રોને આધારે વિવિધ જાણકારી મેળવીએ.


## કિરણની વાત

કિરણના કુટુંબમાં ખૂબ જ ઉત્સાહ (excitement-એક્સાઈટમેન્ટ) છે. તેની નાની બહેન જન્મી છે. કિરણ અને તેનો પરિવાર ખુશ છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




## ચિત્રો જુઓ અને લખો :

- કિરણના કુટુંબમાં હવે કેટલા સભ્યો થયા ?

## ચાલો, વાત કરીએ :

કિરણના કુટુંબમાં તેની નાની બહેન જન્મી. હવે તેના ઘરમાં કઈ કઈ બાબતોમાં ફેરફાર (change-ચેન્જ) થશે ?

- કિરણ તેનો દિવસ કેવી રીતે વિતાવશે ?
- તેની મમ્મીને હવે કયાં કયાં કામ વધશે ?
- ઘરમાં નાનું બાળક હોય તો કેવા ફેરફાર જોવા મળશે ?

**શિક્ષક માટે :** દરેક બાળકને તેના અનુભવોની આપ-લે કરવાની તક આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**તમે જાણતાં હો, તેવા કુટુંબમાં નાનું બાળક હોય તો તેના વિશે જાણકારી મેળવી નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

- તમારી આસપાસ સૌથી નાનું બાળક કોના ઘરે છે ?

- બાળકનો જન્મ ક્યારે થયો હતો ?

- તે બાળકની ઉંમર કેટલી છે ?

- તમારે એની સાથે શું સગપણ છે ?

- બાળકનો જન્મ ક્યાં થયો હતો ?

- બાળકને દાંત છે ?

- બાળકને શું ખવડાવાય છે ?

- તે બાળકનું ચિત્ર દોરો કે ફોટોગ્રાફ ચોંટાડો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સુમીની વાત

સુમીના પિતાજી સરકારી નોકરી કરે છે. તેમને બઢતી મળી અને અન્ય શહેરમાં બદલી પણ થઈ. હવે આપણે સુમીના પરિવાર અંગે જોઈશું.





સુમીના પિતાજી ઑફિસેથી ઘરે આવ્યા. એમણે બઢતી (promotion-પ્રમોશન) અને બદલી (transfer-ટ્રાન્સફર)ની વાત કરી. હવે શું થયું હશે ? તે અંગે જોઈએ.






- સુમીના પિતાજીની બદલી થઈ. હવે નવી જગ્યાએ જવા તેઓ કેવી તૈયારીઓ કરશે ?

  સુમીના પિતાજીની સાથે નવા સ્થળે કોણ કોણ જશે ? સુમી કેવી શાળામાં દાખલ થશે ?

  - તમારા પરિવારના કોઈ સભ્યને કામના લીધે બીજા ગામ કે શહેર જવું પડ્યું છે ?
  - તમારી શાળામાં છેલ્લે કોણે પ્રવેશ (admission-એડમિશન) લીધો ? કેમ ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારી શાળામાં બીજાં ગામ કે શહેરમાંથી આવેલ વિદ્યાર્થી અંગે નોંધ કરો.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ક્યાંથી આવ્યો | ક્યારે આવ્યો | તેની શાળાનું નામ | તેની શાળામાં શું સારું હતું ? | અહીંની શાળામાં તેને શું નવું લાગ્યું ? |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

## દિપાલીની વાત

દિપાલીના ઘરે આજે સૌ ખુશ છે. બધાં આનંદ કરે છે. દિપાલીના કાકાના દીકરાનાં આજે લગ્ન છે. તમે પણ કેટલાંય લગ્નો જોયાં હશે. આ લગ્ન અંગેનાં ચિત્રો જુઓ અને તેમના વિશે ચર્ચા કરો.













Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને કહો :

- દિપાલીના કાકાના દીકરાનાં લગ્ન થયાં. હવે દિપાલીના ઘરમાં શું ફેરફાર થશે ?
- દીકરી સાસરે જાય ત્યારે તેના (પિતાના) ઘરે કેવું પરિવર્તન થશે ?

**તમારાં માતા અને કાકી સાથે વાત કરો અને પૂછો.**

- તેઓ લગ્ન પહેલાં ક્યાં રહેતાં હતાં ?
- તે સમયે તેમના કુટુંબોમાં કયા કયા સભ્યો હતા ?
- તમારા કુટુંબમાં છેલ્લે કોનાં લગ્ન થયાં છે ?
- લગ્નપ્રસંગે ભોજનમાં શું બનાવ્યું હતું ?

## તમારા મિત્રો સાથે વાત કરો અને તેમના કુટુંબોમાં લગ્ન દરમિયાન શું શું કરવામાં આવે છે ? તે વિશે લખો :

- વર (groom-ગ્રૂમ) અને કન્યા (bride-બ્રાઈડ) કેવાં કપડાં પહેરે છે ?

___

- લગ્નમાં કેવાં ગીતો અને નૃત્યો કરવામાં આવે છે ?

___

- તમે ગયા હોય તેવા લગ્નપ્રસંગમાં તમે શું શું જોયું ?

___

આપણે કિરણ, સુમી અને દિપાલીના કુટુંબોમાં અલગ-અલગ કારણોથી થયેલ ફેરફાર જોયા.

**આ ફેરફાર માટેનાં કારણો લખો.**

- કિરણના કુટુંબમાં -

___

___

K3N1Q2

**આ પણ કામનું :** ગુજરાતમાં લગ્ન પ્રસંગે વિવિધ પ્રકારનાં ગીતો, નૃત્યો કરવામાં આવે છે. જેમ કે, ઉત્તર ગુજરાતમાં ‘ડોસલો નૃત્ય’, અરવલ્લી વિસ્તારમાં ‘મોરિયો નૃત્ય’, ‘ઝમકૂડી ગીત’, ‘લેઝિમ નૃત્ય’, કન્યા વિદાય ગીતો, પાંસલી ભરાવવા જતાં ગવાતાં વિવિધ ગીતો, ‘રાસગરબા’, ‘હૂડો’, ‘સરજુ’ જેવાં નૃત્યો-ગીતો જોવા મળે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- સુમીના કુટુંબમાં -

- દિપાલીનાં કુટુંબમાં -

- કુટુંબોમાં ફેરફારનાં આ સિવાયનાં ક્યાં કારણો હોઈ શકે ?

- ત્રણ વડીલો સાથે વાત કરો. એક તમારા કુટુંબમાંથી, એક તમારા મિત્રના કુટુંબમાંથી અને એક તમારા પડોશીના કુટુંબમાંથી તેઓને આ વિગતો પૂછો અને કોષ્ટક પૂર્ણ કરો.

| વિગત | તમારા કુટુંબમાં | મિત્રનું કુટુંબ | પડોશીનું કુટુંબ |
|---|---|---|---|
| • કુટુંબ અહીં છેલ્લા કેટલાં વર્ષોથી રહે છે ? | | | |
| • અહીં આવ્યા પહેલાં કુટુંબ ક્યાં રહેતું હતું ? | | | |
| • આજે કુટુંબમાં કેટલા સભ્યો છે ? | | | |
| • દસ વર્ષ પહેલાં કુટુંબમાં કેટલા સભ્યો હતા ? | | | |
| • કુટુંબમાં છેલ્લાં દસ વર્ષમાં ફેરફારના શું કારણો હતાં ? | | | |
| • તમે આ બધા ફેરફારો વિશે શું અનુભવો છો ? | | | |

**શિક્ષક માટે :** ફેરફાર એ જીવનનો એક ભાગ છે. તેમ છતાં, બાળકો પર ફેરફારની ગંભીર અસર થાય છે. આ મુદ્દાની ચર્ચા સમયે તે ધ્યાનમાં રાખવું મહત્ત્વનું છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મારું કુટુંબ - ગઈકાલે, આજે, આવતીકાલે ...

P8K6Y7

બધાં કુટુંબોમાં કોઈ એક અથવા બીજાં અલગ-અલગ કારણોના લીધે ફેરફાર આવે છે. તમારા કુટુંબમાં શો ફેરફાર આવ્યો છે ?

જ્યારે તમારા દાદા અને દાદી નાનાં બાળકો હતાં ત્યારે શું તમારું કુટુંબ આજે હતું એવું જ હતું ? તેની દાદા-દાદી સાથે ચર્ચા કરો.

તમને સીતાના કુટુંબ-વૃક્ષનું ચિત્ર જે તમે ધોરણ ૩માં ભણ્યાં તે યાદ છે ? તમે પણ તમારું કુટુંબ-વૃક્ષ દોર્યું હશે. ચાલો, ગયા વર્ષની જેમ નોટબુકમાં કુટુંબ-વૃક્ષ દોરીએ.

- તમારા દાદા અથવા દાદી તમારી ઉંમરના હતાં ત્યારે તેઓના કુટુંબોમાં કેટલા સભ્યો હતા ? તમારી નોટબુકમાં તેમના કુટુંબનું વૃક્ષ દોરો.
- તમે પોતાને, તમારા ભાઈ, બહેન, માતા અથવા પિતાને એ કુટુંબ-વૃક્ષમાં જોઈ શકો છો ?
- હવે તમારા વર્તમાન કુટુંબનું વૃક્ષ તમારી નોટબુકમાં દોરો.

આજે તમારા કુટુંબમાં કયા કયા સભ્યો છે ? તમારાં દાદા-દાદી ક્યાં છે ? આ કુટુંબવૃક્ષમાં તમે ક્યાં છો ?

### ચાલો, વાત કરીએ :

તમારા દાદા અથવા દાદીનાં બાળપણનું કુટુંબ-વૃક્ષ તમારા અત્યારના કુટુંબ-વૃક્ષ કરતાં કેવી રીતે જુદું પડે છે ?

**શાળાએ પાછા જઈએ**

- તમે ભણી-ગણીને શું બનવા માગો છો ?

___

- તમારા ઘરમાં સૌથી વધુ કોણ ભણ્યું છે ?

___

- તમારા ઘરમાં સૌથી ઓછું કોણ ભણ્યું છે ?

___



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- **આ પણ કામનું :**

  લગ્ન કરવા માટે સરકારે ચોક્કસ ઉંમર નક્કી કરી છે. આ ઉંમર પહેલા લગ્ન કરવાં ગુનો બને છે, કારણ કે તેને બાળલગ્ન કહેવાય છે.

## શોધી કાઢો અને લખો :

- તમારા પડોશમાં એવાં કોઈ બાળકો છે જેમને શાળા છોડવી પડી હોય ? શા માટે ?

- અત્યારે તેઓ શું કરે છે ?

- હાલમાં તમારા કુટુંબમાં કોઈનાં લગ્ન થયાં છે ? કોનાં ?

- વર અને કન્યાની ઉંમર કેટલી હતી ?

- તેઓએ કેવા પ્રકારનાં કપડાં પહેર્યાં હતાં ?

  કન્યા

  વર

**શિક્ષક માટે :** જે બાળકો શાળા શિક્ષણ પૂરું કરી શક્યા ન હોય, તેમને જીવનમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરો. લગ્ન માટેની ઉંમર છોકરીઓ માટે અઢાર વર્ષ અને છોકરાઓ માટે એકવીસ વર્ષ છે. તેની પણ ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in